	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૦/૦૩/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૦૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૧	૦	૧૩૧	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૪	૦	૧૦૦૬૮૪	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭	૩,૧૪,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪	૨૪,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૦૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૦૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૦૯/૨૦૨૨**

નારણપુરાઃ રમણભાઇ લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૫૬) (રહે. લખુડી કો.ઓ.હા.સોસાયટી નારણપુરા) એ તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મુકેશભાઇ શંકરભાઇ પંચાલ (રહે. શ્રી હરિપાર્ક સોસાયટી રેડિયો મીર્ચી રોડ વેજલપુર) એ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી મુકવામાં આવેલ મકાનોની સ્કીમમાં મકાનો અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ રમણભાઈ ચૌહાણ પાસેથી ફોર્મ પેટે તથા મકાન બુકીંગ પેટે તથા મકાનની કિમત પેટે તેમજ મ્યુ.કોર્પોરેશનમાં નોકરી અપાવવાના બહાને કુલ રૂપિયા ૧,૪૪,૦૦૦/- તેમજ રમણભાઈના સબંધી પાસેથી મળી કુલ રૂપિયા ૧૬,૪૯,૫૦૦/- મેળવી લઈ ખોટા અને બનાવટી સહી સિક્કા વાળા ફોર્મ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

કાલુપુરઃ નિલેશ વસંતરાય કોઠારી (ઉ.વ.૫૦) (રહે. આકાશ-૩, ૧૩૨ ફુટ રીંગ રોડ જય મંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટોપ સામે નારણપુરા) એ તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૧ થી તા.૧૭/૦૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધર્મેશ હિંમતલાલ સુમેસરા (રહે. ભક્તિનગર સોસાયટી બાપુનગર)એ કાલુપુર કપાસીયા બજાર મોતી મહેલ હોટલ સામે આવેલ “મહાલક્ષ્મી સેલ્સ” નામની દુકાનમાંથી રૂપિયા ૩૯,૫૦,૦૦૦/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૧૦/૨૦૨૨**

ઘાટલોડીયાઃ તેજશભાઇ પ્રાણજીવનભાઇ રાઠોડ (ઉ.વ.૨૧) (રહે. જોગણીમાતાની ચાલી ચાણક્યપુરી બ્રીજ પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

પાલડીઃ છનાભાઇ બાબાભાઇ ડાભી (ઉ.વ.૫૫) (રહે.મેલડીનગર ઠક્કર કોલેજની બાજુમાં પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૩/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કેશાભાઇ મણાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.